ગાંધીનગર સમાચાર

તા. ૧-૫-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### દીસે અરુણું પરભાત, જય જય ગરવી ગુજરાત!

ગુજરાતની છવ્વીસે છવ્વીસ બેઠકો પર લોકસભાના સાતમા ચરણનું મતદાન થઈ રહ્યું હતું ત્યારે એક તરફ કવિ નર્મદનું જુગજૂનું સપનું સાકાર થતું વરતાઈ રહ્યું હતું અને દેશ-દુનિયામાં ગુજરાત અને ગુજરાતીઓનો જય જયકાર થઈ રહેવાના સંકેતો પ્રસારિત થઈ રહ્યા હતા, ત્યારે વળતે જ દિવસે ગુજરાતનો સ્થાપના દિન આવી રહ્યો હોવાની વાત લગભગ ભુલાઈ જતી હોય એવા એક વિચિત્ર જોગ-સંજોગ જોવા મળે છે.

૧૯૬૦ની પહેલી મેના દિવસે દ્વિભાષી મુંબઈ રાજયનું વિભાજન થતાં મહારાષ્ટ્ર અને ગુજરાત- એમ બે પાડોશી રાજયો અસ્તિત્વમાં આવ્યાં હતાં. ગુજરાતમાં અગાઉના સૌરાષ્ટ્ર અને કચ્છનો પણ સમાવેશ થતો હતો અને એની કામચલાઉ રાજધાની તરીકે અમદાવાદ પર પસંદગી ઉતારાઈ હતી, પાછળથી ગાંધીનગર નામનું નવું પાટનગર વિકસાવાયું હતું. મુંબઈ રાજયના વરિષ્ઠ મંત્રી ડો. જીવરાજ નારાયણ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા, જેમને સાબરમતી આશ્રમના લીમડાના ઝાડ નીચે રવિશંકર મહારાજે આશીર્વાદ આપી ગાંધી અને સરદારના માર્ગે ચાલવાની રૂડી શિખામણ આપી હતી. ગુજરાત એટલે ગાંધીનો દેશ, સરદારનો પ્રદેશ. એ દેખીતી રીતે અન્ય પ્રદેશો માટે દીવાદાંડીરૂપ આદર્શ રાજય બની રહે એવી સ્વાભાવિક અપેક્ષા હતી. ૧૯૬૦ની પહેલી મે અને ૨૦૧૪ની પહેલી મે વચ્ચેના સમયગાળામાં સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયાં, સાબરમતીનાં જળ ધરોઈ સરોવર સ્વરૂપે બંધાતાં સાબરમતી સુકાઈ જવા પામી હતી જે પાછી કૃત્રિમ સ્વરૂપે નર્મદાનાં જળ રેડીને જીવતી કરવાની પણ કોશિશ થઈ તે ત્યાં સુધી કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વારાણસીમાં ઉમેદવારી કરતી વેળાએ ગંગાને સાબરમતીની જેમ 'શુદ્ધ' કરવાનું વચન આપી આવ્યા છે! બીજું બધું તો ઠીક, પ્રગતિ અને વિકાસ તો સદીઓથી ગુજરાત અને ગુજરાતીઓની આગવી ઓળખ બની રહેલ છે, અહીં રાતના બે વાગ્યે મહિલાઓ એકલી હરીફરી શકે એવું સલામતી ભર્યું વાતાવરણ છે અને ૧૯૬૯, ૧૯૮૫ કે ૨૦૦૨ જેવાં કોમી રમખાણોને બાદ કરતાં પ્રજામાં કોમી એખલાસનું જ વાતાવરણ પ્રવર્તે છે. અહીં નવરાત્રી, ઉત્તરાયણ અને દિવાળી જેવાં પર્વો હિંદુ- મુસલમાન સાથે મળીને ઉજવતા રહ્યા છે. પરંતુ એ પણ સાચું કે જાહેરજીવનમાં મુસ્લિમ સમાજનું પ્રતિનિધિત્વ ભાજપના શાસનકાળમાં સતત ઘટતું રહ્યું છે. કોંગ્રેસ એક રાજકીય પરિબળ તરીકે છેલ્લાં ઘણાં વર્ષોથી સત્તાની બહાર છે. અલબત્ત, ગુજરાતના સશક્ત પ્રતિનિધિઓ યુપીએની કેન્દ્ર સરકારમાં જરૂર સ્થાન પામના રહ્યા છે, વળી કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર તરીકે પણ અહમદ પટેલનો જબરજસ્ત દબદબો રહેતો આવ્યો છે. પરંતુ માધવસિંહ સોલંકી અને એમના અનુગામી અમરસિંહ ચૌધરી પછી ગુજરાતે કોંગ્રેસનું શાસન જોયું નથી. ચિમનભાઈ પટેલ જેવા બાહોશ મુખ્યમંત્રી કેન્દ્રને પોતાની શરતે નચાવી શકતા હતા અને ગુજરાતની જીવાદોરી જેવી નર્મદા યોજના એમના સઘન પ્રયાસોને કારણે જ અનેક વ્યવધાનો પાર કરીને આગળ વધી શકી હતી. માધવસિંહ સોલંકીએ વિધાનસભાની ૧૮૨માંથી ૧૪૯ અને સંસદની ૨૬માંથી ૨૫ બેઠકો મેળવીને સ્થાપેલો વિક્રમ સૌથી લાંબો વખત શાસન કરવાનો વિક્રમ સર્જનારા નરેન્દ્ર મોદી પણ આંબી શકયા નથી. હવે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી ગુજરાતના વિકાસ મોડલના નામે દેશની પ્રજા માટે નવી આશાઓનો અંબાર લઈ આવ્યા છે ત્યારે ફરી એકવાર ગુજરાતે ગુમાવેલી એની નીતિમત્તા, ભાષા વિશેની અસ્મિતા અને મોંઘેરાં ગાંધીમૂલ્યોની પુનઃ પ્રતિષ્ઠા થાય એવી અપેક્ષા અસ્થાને નહીં જ ગણાય.



સે. ૩-ડીમાં રહેતા ઉષાબેન સંઘવીએ ૮૫ વર્ષે આજે વોર્ડ નં. ૨ થી વહેલી સવારે સૌથી પહેલા મતદાન કર્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

## શહેરમાં આજથી બુક ફેરનો શુભારંભ

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપક્રમે શહેરમાં ૧ મે થી એટલે કે આવતીકાલથી ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે અમદાવાદ નેશનલ બુક ફેરનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે આ બુક ફેર સાત દિવસ સુધી ચાલનાર છે. અમદાવાદમાં આ ત્રીજો નેશનલ બુક ફેર છે. આ વખતે આ બુક ફેરમાં બુક ચાહકોની ડિમાન્ડને ધ્યાનમાં રાખીને ૩૦૦ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. જેથી પુસ્તક પ્રેમીઓ તેમના મનગમતા પુસ્તકોની જે તે સ્ટોલ્સ પરથી પુસ્તકો ખરીદી શકશે. આજે ચૂંટણીના માહોલમાંથી ફ્રી થયેલા શહેરીજનો ૧ થી ૭ મે દરમ્યાન યોજાનાર આ બુકફેરનો લાભ લઈ શકશે. આ વખતે મોટી સંખ્યામાં પુસ્તક પ્રેમીઓ બુક ફેરની મુલાકાત માટે ઉમટી પડશે તે વાતને ધ્યાનમાં રાખીને આયોજકો દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. ગત વર્ષે યોજવામાં આવેલ બુક ફેરમાં ૨૫ લાખ જેટલા મુલાકાતીઓએ બુક ફેરની મુલાકાત લીધી હતી. આ બુક ફેરમાં મુલાકાતીઓ માટે માત્ર પુસ્તકો જ નહીં પરંતુ સાહિત્યને લગતાં અન્ય આકર્ષણો પણ રહેશે.

## હરિની દૃષ્ટિ...



ભલા માણસ, આ લોકો આપણને ભોળવી ગયા, આપણી પાસે વોટ સિવાય કાંઈ નતુ, અને એ એક વોટ પણ લઈ ગયા!!!

# ૧૦-૧૨ સાયન્સ ઉત્તરવહી તપાસવા માટે કામ પરિપૂર્ણ

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સ ચોથા સેમેસ્ટરની ઉત્તરવહી તપાસવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં પણ ૭૫ ટકા જેટલી ઉત્તરવહી તપાસાઈ ગઈ છે. આ ઉપરાંત સાયન્સ બીજા સેમેસ્ટરમાં પરીક્ષાઓ હમણાં જ પૂર્ણ થઈ હોઈ ઉત્તરવહી તપાસવાની કામગીરી ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ માર્ચ-૨૦૧૪માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સ પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષા ચાલુ હતી તે દરમ્યાન જ ૨૪ માર્ચથી બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની ઉત્તરવહી તપાસવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ત્યારે હવે ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સ ચોથા સેમેસ્ટરની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ઉત્તરવહી તપાસવાની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે. સામાન્ય પ્રવાહમાં અત્યાર સુધીમાં ૭૫ ટકા જેટલી ઉત્તરવહીઓ તપાસાઈ ગઈ છે. આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ સાયન્સ બીજા સેમેસ્ટરની ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી એપ્રિલના બીજા સપ્તાહથી શરૂ કરવામાં આવી હતી. જેથી હાલમાં સાયન્સની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી ચાલુ છે અને દશ દિવસમાં બીજા સેમેસ્ટરની પણ મોટાભાગની ઉત્તરવહીઓ તપાસાઈ જશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા મે માસમાં પરિણામ જાહેર કરવાનું આયોજન કરવામાં આવ્યું હોઈ ઉત્તરવહી મુલ્યાંકન પૂર્ણ થયા બાદ તાત્કાલીક ડેટા એન્ટ્રીનું કામ શરૂ કરાશે અને ત્યારબાદ પરિણામો તૈયાર કરી દેવાશે, જેથી બોર્ડ સમયસર પરિણામ જાહેર કરી શકશે.



શહેરમાં ગરમીનો પારો ૪૨ડિગ્રી ઉપર અટકયો હતો. વહેલી સવારથી ગરમીની સીધી અસર ચહલપહલ પર હતી પરંતુ મતદાનનો માહોલ ઉત્સાહજનક બનતા તંત્ર દ્વારા કેટલીક વ્યવસ્થાઓ કરાઈ હતી પરંતુ અપૂરતી અને અધુરી હતી. ખાસ કરીને ગરમીમાં ચાલીને આવતા મતદારો માટે બેસવાનો મંડપ કે પીવાના પાણીની વ્યવસ્થા અધુરી હતી. સે. ૬ સરસ્વતી શાળા બહાર ખુલ્લા તાપમાં આ અધિકારીઓ આખો દિવસ શેકાયા હતા. તંત્ર દ્વારા મંડપ બનાવ્યો પણ ચારે તરફથી લુ અને ગરમ હવા તો આવતી હતી. *(તસવીર : કશ્યપ નિમાવત)*

## ગાંધીનગરની વિવિધ શાળાઓનાં પરિણામ

### ઓમકાર વિદ્યાલય પ્રાથમિક શાળા, સે. ૧૩

**● પ્રાથમિક વિભાગ**

| વિદ્યાર્થીનું નામ | મેળવેલ ટકા |
|---|---|
| **ધોરણ- ૧** | |
| રાણા રૂદ્ર પ્રિતેશકુમાર | ૯૩.૮ |
| દેસાઈ જોધલ ભાવીનભાઈ | ૯૩.૫ |
| ઠાકોર આરતી વિક્રમભાઈ | ૯૩.૨ |
| **ધોરણ- ૨** | |
| વાઘેલા નિશા વિપુલભાઈ | ૯૫.૮ |
| શ્રીમાળી અંજલી રજનીકાન્ત | ૯૪.૪ |
| નિમાવત વિધિ રાકેશભાઈ | ૯૩.૨ |
| **ધોરણ- ૩** | |
| વાઢેર અંજલી ધર્મેન્દ્રભાઈ | ૯૨.૦ |
| વોરા ભુમિ દિપકકુમાર | ૯૧.૩ |
| ચૌહાણ રવિ સંજયકુમાર | ૯૦.૭ |
| **ધોરણ- ૪** | |
| પંડ્યા નયન કિશોરભાઈ | ૯૩.૫ |
| પ્રજાપતિ હર્ષ કમલેશભાઈ | ૯૩.૨ |
| સોલંકી મિત્તલ ધર્મેન્દ્રભાઈ | ૯૩.૧ |
| **ધોરણ- ૫** | |
| કોરી ધ્રુવ પ્રતાપભાઈ | ૯૦.૦ |
| સોલંકી ધ્રુવકુમાર જગદીશભાઈ | ૮૯.૮ |
| ભટ્ટ શૈલી કિશોરકુમાર | ૮૭.૭ |
| **ધોરણ- ૬** | |
| પટેલ દેવકુમાર મન્વેશભાઈ | ૮૯.૬૬ |
| બાગી હરકિશનસિંહ નરેન્દ્રસિંહ | ૮૮.૫ |
| રાઠોડ અનિતા કમલેશભાઈ | ૮૮.૫ |
| નાડિયા જતીન મુકેશભાઈ | ૮૬.૦ |
| **ધોરણ- ૭** | |
| ગામેતી અમન મનોજકુમાર | ૯૩.૮ |
| વણઝારા નેહલ દિનેશકુમાર | ૯૦.૦ |
| પંડ્યા ખુશી કિશોરભાઈ | ૮૯.૫ |
| **ધોરણ- ૮** | |
| કંપાવી આશિષ વિજયભાઈ | ૯૪.૪૫ |
| પરમાર દિપાલી સુરેશભાઈ | ૯૨.૩૫ |
| સોલંકી શ્રદ્ધા અશોકભાઈ | ૯૧.૬૫ |

**● માધ્યમિક વિભાગ**

| | |
|---|---|
| **ધોરણ- ૯** | |
| દંતાવી પિયુષ સુરેશભાઈ | ૭૬.૧૪ |
| નાડિયા નિશા મુકેશભાઈ | ૭૩.૧૪ |
| ગરાસિયા અનિતા રમેશભાઈ | ૬૪.૨૦ |
| **ધોરણ- ૧૧** | |
| પાદરીયા પ્રવિણ ઉદાભાઈ | ૯૮.૩૦ |
| રાવળ વિકાસ અરૂણભાઈ | ૭૭.૩૦ |
| રાઠોડ પિન્કેશ બિપીનભાઈ | ૭૩.૮૦ |

### શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા, સે. ૨૩, ગાંધીનગર

| વિદ્યાર્થીનું નામ | મેળવેલ ટકા |
|---|---|
| **ધોરણ- ૯-અ** | |
| વ્યાસ બંસરી અજયકુમાર | ૯૨.૫૭ |
| પટેલ હેત્વી મહેશભાઈ | ૯૧.૮૬ |
| દરજી જાનકી પરેશકુમાર | ૯૧.૧૪ |
| **ધોરણ- ૯-બ** | |
| રૂપાલા કોમલ અરૂણકુમાર | ૯૩.૮૫ |
| પટેલ જીનલ અરવિંદકુમાર | ૯૨.૮૫ |
| જાદવ વિભૂતિ કાન્તિલાલ | ૯૧.૨૮ |
| **ધોરણ- ૯-ક** | |
| પટેલ મૈત્રી કિરણકુમાર | ૯૨.૪૨ |
| ગોપાત આશુ અરવિંદભાઈ | ૯૧.૭૧ |
| ગુર્જર ધરા કિર્તિકુમાર | ૯૧.૦૦ |
| **ધોરણ- ૯-ડ** | |
| ચૌહાણ શ્રધ્ધાબેન રામજીભાઈ | ૮૯.૨૮ |
| પટેલ નિકીબેન હર્ષદકુમાર | ૮૮.૮૫ |
| સૈયદ સુહિરાબાનુ ઈકબાલહુસેન | ૮૮.૪૨ |
| **ધોરણ- ૯-ઈ** | |
| દરજી મેઘના રમેશભાઈ | ૯૧.૫૭ |
| દરજી અક્ષીતા હરેશલાલ | ૯૦.૭૧ |
| પરમાર જીની જીતેન્દ્રકુમાર | ૮૦.૫૭ |
| **ધોરણ-૧૧-અ** | |
| શાહ ક્રિષ્ના જે. | ૮૭.૭૮ |
| પ્રજાપતિ પ્રેરણા કે. | ૮૦.૧૧ |
| જાની પૂજા ડી. | ૭૯.૭૮ |
| **ધોરણ-૧૧-બ** | |
| વાઘેલા અમૃતા રમેશભાઈ | ૬૨.૩૩ |
| વાઘેલા સ્નેહલકુંવરબા એમ. | ૬૦.૮૯ |
| વાલા અંજના આર. | ૫૯.૭૮ |
| **ધોરણ-૧૧-બ-૧** | |
| પટેલ પ્રિયા જગદીશભાઈ | ૮૦.૭૮ |
| અંબાલિયા સોનલ વી. | ૭૭.૬૭ |
| ચાવડા કિંજલ એમ. | ૭૬.૧૧ |
| **ધોરણ-૧૧-ક-૧** | |
| ઝાલા જહાનીબા યોગેન્દ્રસિંહ | ૯૨.૨૨ |
| પટેલ ગાર્ગી નૃપતકુમાર | ૮૭.૮૯ |
| સાહ ઉર્જા દિપકકુમાર | ૮૬.૫૬ |
| **ધોરણ-૧૧-ડ** | |
| પ્રજાપતિ હિરલ જયંતિભાઈ | ૮૫.૪૪ |
| પરમાર મિતલ ભરતભાઈ | ૮૨.૫૬ |
| પટેલ અવની કમલેશભાઈ | ૮૧.૩૩ |

**સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન**

# યુગપુરૂષને પ્રણામાંજલિ : પરશુરામ જયંતિ : વૈશાખ સુદ ૨/૩

પરશુરામનો જન્મ વૈશાખ સુધ ત્રીજને દિવસે રાત્રીના પ્રથમ પહોરમાં થયો હતો. પરંતુ આ વર્ષએ બીજને દિવસે ૧૧-૨૩ સવારે ત્રીજ શરૂ થઈ જાય છે.

અશ્વત્થામા બલી વ્યાસો હનુમાનચ વિભીષણઃ

કૃપઃ પરશુરામશ્ચ સપ્તૈતે ચિરજીવિનઃ

પોતપોતાની અલગ અલગ પ્રતિભાને કારણે આ સાત ચિરંજીવી છે : અશ્વત્થામા, બલી, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપ અને પરશુરામ

પરશુરામ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર હતા, એટલે તે ભગવાન પરશુરામ છે. તે ભૃગુ થી શરૂ થયેલા વંશમાં છે એઠલે ભાર્ગવ છે. તે જમદગ્નિના પુત્ર છે તેથી જામદગ્ઘ કહેવાય છે. તે તેજસ્વી માતા-પિતાના સંતાન હતા. ઋષિ જમદગ્નિનું સ્થાન સપ્તર્ષિઓમાં છે. જમદગ્નિ અને પરશુરામ વૈદિક મંત્રોના દૃષ્ટા છે. તે બંને ઋગ્વેદના ૧૦-૧૧૦મા સૂક્તના દૃષ્ટા ઋષિ છે. માતા રેણુકા સીતાની જેમ અયોનિજા હતા. સીતા જે રીતે પૃથ્વીમાંથી પ્રગટ્યા છે, તેમ રેણુકા કમળમાંથી પ્રગટેલા છે. જમદગ્નિ-રેણુકાને પાંચ સંતાન હતા, રુમણ્વાન, સુષેણ, વસુ, વિશ્વાવસુ અને પરશુરામ.




પરશુરામ ભગવાન શંકર પાસે રહીને કાર્તિકેય અને ગણેશના સહવાસમાં ધનુર્વેદ અને બીજી ચૌદ વિદ્યાઓ શીખ્યા હતા. પરંતુ તેના તરફ શિવ-પાર્વતીને વધુ સ્નેહભાવ હતા. તે બધી વિદ્યાઓમાં અગ્રેસર રહેતા. બાણ વર્ષા કરીને ક્રૌંચ પર્વતને એણે ચાખણીની જેમ વીંધી નાંખ્યો. શિવે પ્રસન્ન થઈને એને પરશુ ભેટમાં આપ્યું. પોતાના ગુરુની આ પ્રસાદી એણે સતત ધારણ કરી રાખી. એટલે તે પરશુરામ તરીકે પ્રસિદ્ધ થઈ ગયા. શિવે એમને ધનુષ્ય પણ આપેલાં. એકવાર કાર્તિકેય સાથે યુદ્ધ વિદ્યાના ભાગરૂપે દ્વંદ્વ યુદ્ધ કરતા હતા. પાર્વતીને ભય થયો કે કાર્તિકેય મરી જશે. એ વચ્ચે જઈને ઊભાં રહ્યા. તો પરશુરામે હથિયાર ફેંકી દઈને માતાના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરી લીધા. એ જ રીતે ગણેશ સાથેના દ્વંદ્વ યુદ્ધમાં એમના પરશુથી ગણેનો ડાબો દંતશૂળ તૂટો ગયો. ત્યારથી ગણેશ એકદંત કહેવાય. શિવજીના આદેશથી એમણે શિવધનુષ્ય રાજર્ષિ જનકને સીતા સ્વયંવર માટે આપ્યું. પરંતુ રામ દ્વારા ધનુભંગ થયો, તેથી ગુસ્સે થઈ ગયા. રામની નમ્રતા પાસે એમનો રોષ શમી ગયો.

જમદગ્નિ પાસે મૃતસંજીવની વિદ્યા હતી, તે એમણે પરશુરામને પણ આપી હતી.

ધુનવિદ્યામાં ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય એમના શિષ્યો હતા, દશરથ પાસે શબ્દવેદી બાણ ફેંકવાની વિદ્યા હતી, તે પરશુરામે એમને આપી હતી.

## પ્રસંગસર

**- રશ્મિકાન્ત મહેતા**

એકવાર પરશુરામ સમિધ લેવા વનમાં ગયા, ત્યારે હૈહયવંશનો રાજા કાર્તવીર્ય અર્જુન જમદગ્નિના આશ્રમમાં આવ્યો. ઋષિની ગાય કામધેનુને બળજબરીથી ઉઠાવી ગયો. પરશુરામ પાછા ફર્યા અને તેને ખબર પડી. તેથી તેણે અર્જુનની હત્યા કરી નાખી.

**પરશુરામ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર હતા, એટલે તે ભગવાન પરશુરામ છે, તે ભૃગુ થી શરૂ થયેલા વંશમાં છે એટલે ભાર્ગવ છે, તે જમદગ્નિના પુત્ર છે તેથી જામદગ્ઘ કહેવાય છે**

જમદગ્નિએ એને ઠપકો આપ્યો કે ઋષિને આ શોભતું નથી. આથી પ્રાયશ્ચિત રૂપે તું તીર્થયાત્રાએ જઈ આવ. પરશુરામ તીર્થાટન કરીને પાછા ફર્યા, ત્યારે એણે માતાનું આક્રન્ધ સાંભળ્યું. તેને ખબર પડી કે તેની ગેરહાજરી હતી તેમાં હૈહયરાજના પુત્રોએ જમદગ્નિની હત્યા કરી નાખી છે. પરશુરામે હૈહયપુત્રોને હણી નાખ્યાં. પોતાની મૃતસંજીવની વિદ્યાથી જમદગ્નિને પુનઃજીવિત કર્યા.

એકવાર જમદગ્નિએ પુત્રોને આદેશ કર્યો, કે રેણુકા દોષિત છે અને વધદંડને લાયક છે એથી એનો વધ કરવો બાકીના ચારેય પુત્રોએ આદેશ ન સ્વીકાર્યો, પણ પરશુરામે આદેશ પાળીને વધ કર્યો. જમદગ્નિએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું કે તરત પરશુરામે માગી લીધું કે માતાને પુનઃજીવિત કરો અને એને ઈચ્છા મૃત્યુનું વરદાન આપો- તે પોતે ઈચ્છે ત્યાં સુધી જીવી શકે.

બૃહદ સ્તોત્રરત્નાકર' માં એક 'પરશુરામ-અષ્ટાવિત શતી-નામ-સ્રોત' છે. તેમાં પરશુરામના ૨૮ નામો છે : (૧) સંસારનો ભાર હળવો કરવા મનુષ્ય દેહ લેનાર (૨) સૂર્યના અંશ માંથી પ્રગટેલા (૩) ઉત્પત્તિ- સ્થિતતિ- લયના સ્વામી (૩) ભાર્ગવ (૫) જામદગ્ન્ય (૬) પિતાની આજ્ઞાને પાળનારા (૭) માતાને પ્રાણ આપનારા (૮) બુદ્ધિશાળી (૯) દુષ્ટ ક્ષત્રિયોનો સંહારનારા (૧૦) પ્રભુ (૧૧) રામ (૧૨) પરશુને હાથમાં રાખનારા (૧૩) કાર્તવીર્યનું અભિમાન ઉતારનારા (૧૪) રેણુકાના શોકને હરનારા (૧૫) શોકવગરના (૧૬) બીજાના શોકનો નાશકરનારા (૧૭) રાત્રિ કમળની જેવા શ્યામ (૧૮) લાલકમળ જેવા નેત્ર વાળા (૧૯) ભયંક (૨૦) ધનુષ્ય દંડ ધારનારા (૨૧) ધીરજ વાળા (૨૨) વેદપુરુષ (૨૩) બ્રાહ્મણોને પ્રિય (૨૪) તપોધન (૨૫) સજા યોગ્ય રીતે કરનારા (૨૬) વચનપાલક (૨૭) સૌની સ્તુતિ પામતા (૨૮) સૌનો ભય દૂર કરનારા

યુગ પુરુષ ભગવાન પરશુરામને આજના દિવસે પ્રણામાંજલિ.